ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
SGCCI
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૨૮/૪/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ઓક્સિજન બોટલની ખરીદીમાં પડી રહેલી મુશ્કેલી નિવારવા ચેમ્બર દ્વારા પ્રધાનમંત્રીને રજૂઆત

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ઓક્સિજન બેંક જે મુખ્યમંત્રીની અપીલને ધ્યાને લઇ ચાલુ કરવામાં આવેલ છે તથા ચેમ્બર દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ સેવાકીય કાર્યો અંગે આજરોજ ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને એક અહેવાલ સુપરત કરવામાં આવ્યો છે. સાથે જ ચેમ્બર દ્વારા ઉપરોકત ઓક્સિજન બેંકની ક્ષમતા ૫૦૦ બોટલ સુધી લઇ જવાની તૈયારી રાખવામાં આવી છે પરંતુ દેશમાં ઓક્સિજન બોટલની અછત હોવાથી બોટલની ખરીદીમાં પડી રહેલી મુશ્કેલી નિવારવા માટે ચેમ્બર દ્વારા પ્રધાનમંત્રીને રજૂઆત કરવામાં આવી છે.

ભારતમાં જમ્બો ઓક્સિજન સિલિન્ડર (૪૬.૭ લીટર) લિકવીડ ઓક્સિજનની ક્ષમતા ધરાવતા સિલિન્ડરના ઉત્પાદક માત્ર ત્રણ કે ચાર જ હોવાથી અને તેમાં પણ મોટા ભાગના નિર્યાતકાર હોવાથી હાલમાં સંપૂર્ણ પેમેન્ટ એડવાન્સમાં આપવાની તૈયારી હોવા છતાં પણ ઓક્સિજન સિલિન્ડર ઉત્પાદકો દ્વારા ઓક્સિજન સિલિન્ડર ઉપલબ્ધ કરાવવામાં આવતા નથી. હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા સંપૂર્ણ ઓક્સિજન સપ્લાય ચેઇન ઉપર નિયંત્રણ રાખવામાં આવી રહયું છે ત્યારે આવા સંજોગોમાં ચેમ્બર અથવા કોઇ અન્ય સંસ્થા દ્વારા જ્યારે ઓક્સિજનના સિલિન્ડર ખરીદવા માટે એડવાન્સમાં પેમેન્ટ આપવાની તૈયારી દર્શાવવામાં આવી રહી છે ત્યારે ઓક્સિજન સિલિન્ડરના ઉત્પાદકો દ્વારા ઓક્સિજન સિલિન્ડર ઉપલબ્ધ કરાવવામાં આવે, જેથી કરીને કોરોના સામે લડી રહેલા દર્દીઓનો જીવ બચાવી શકાય. આથી ચેમ્બર તથા અન્ય સંસ્થાઓને ઓક્સિજન બોટલની ખરીદીમાં પડી રહેલી મુશ્કેલીને નિવારવા માટે પ્રધાનમંત્રી કાર્યાલય હસ્તક્ષેપ કરે તેવી પ્રધાનમંત્રી સમક્ષ ચેમ્બર દ્વારા વિનંતી કરવામાં આવી છે.